આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મકર

આજના ગ્રહોની કુંડળી



આજે અમાસ છે. કાલસર્પ યોગ છે. ચાંડાલ યોગ છે. રાત્રે ચાર વાગે ચંદ્ર કુંભ રાશિમાં પ્રવેશે છે. રાત્રે પાંચ વાગે બુધ મકર રાશિમાં પ્રવેશે છે.

મેષ ગઈકાલની અધૂરી સફળતા આજે તમો પૂરી મેળવશો - તમારું ગ્રહબળ સારું છે. તમો આજે પણ અણધાર્યા લાભ મેળવશો. દિવસ આનંદમાં જશે.

વૃષભ તમારી રાશિને શનિ મંગળની દ્રષ્ટિ અનિર્ણાયકતા આપે છે - તમો થોડા દૃઢપણે તમારા વિચારો પર કાબૂ રાખશો તો તમોને ચોક્કસ લાભ થશે.

મિથુન તમોને વ્યવસાયિક લાભો મળશે - ન ધારેલ ઈન્કમ થશે. આનંદમય દિવસ જશે. સરકાર આશાનું કિરણ લાભ પ્રાપ્ત થાય - મોટો લાભ મળે.

કર્ક ઘણાબધા ખરાબ યોગોમાં સાતમે રાશિપતિ ચંદ્રની તમારી રાશિ પરની દૃષ્ટિથી તમારા દિવસમાં આશાનું કિરણ દેખાય છે - જે તમોને મદદરૂપ થશે.

સિંહ શનિની અઢી વર્ષની પનોતી ભૂલી ના જતા નહીં તો શનિદેવ તમને યાદ કરાવશે - રાશિમાં ગુરુ તમોને આધ્યાત્મિક શક્તિથી બચાવશે એ પણ ચોક્કસ છે.

કન્યા મૂંઝવણોથી ઘેરાયેલા રહોને વ્યગ્રતાથી ઘેરાયેલા રહો પરંતુ જેમ જેમ દિવસ પસાર થતો જાય તેમ તેમ મૂંઝવણો ઓછી થતી જાય - ધ્યાન રાખવું.

તુલા અગિયારમે ગુરુ - રાહુ તેમજ બીજે શનિના કારણે બુધ - શુક્રની ભાગ્ય પર દૃષ્ટિ કરતી અસરો ઓછી થઈ જાય છે. તેમ છતાં મિશ્ર ફળના કારણે ડરવાની જરૂર નથી રહેતી.

વૃશ્ચિક રાશિમાં શનિ તેમજ તેની ત્રીજા પોતાના સ્થાન પર દૃષ્ટિના કારણે વડીલ મિત્રોની તથા આગેવાનોનો સાથ સહકાર પ્રાપ્ત થઈ જશે - ચિંતા કરવાનું કોઈ કારણ નથી.

ધન રાશિમાં બુધ શુક્રના કારણે બારમા શનિની ખરાબ અસરો નાબૂદ થઈ જાય છે - મિશ્ર ફળ મળશે. સિંહના ગુરુના કારણે રાશિ પ્રબળ મજબૂત બને છે.

મકર અગિયારમા શનિની રાશિ ઉપર દૃષ્ટિ હોઈ રાશિ મજબૂત બને છે - બારમે શુક્ર - બુધની સારી અસરોથી તમોને આર્થિક લાભ પણ મળશે - ચિંતા કરવા જેવું નથી.

કુંભ સાતમે ગુરુ - રાહુની યુતિથી કૌટુંબિક વિખવાદ વધે તેવા ચિહ્નો દેખાય છે - બારમે સૂર્ય રોગ - શત્રુનો નાશ કરે - ધ્યાન રાખીને આવવું - મિત્રોની મદદ મળશે.

મીન છઠ્ઠે રાહુ - ગુરુ સાથે તેમજ આઠમે મંગળ આપને માટે વિઘ્નો ઉભા કરે તેમ છે - ખાસ તો તબિયતની કાળજી રાખવી - પડવા - વાગવા - દાઝવાથી સાચવવું.

બનાસકાંઠાના વાવ પાસે નર્મદાની કેનાલમાં ૩૦ ફૂટ ગાબડાથી ત્રણ કિ.મી. પાણી ફરી વળ્યુ

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક માસથી નર્મદાની માઈનોર કેનાલોમાં ગાબડા પડવાના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. કેનાલોમાં ગાબડા પડવાથી પાણી ખેતરોમાં ફરી વળે છે. જેથી ખેડૂતોના ઉભા પાક નાશ પામતા ખેડૂતોની દયનીય હાલત બની જાય છે. આજરોજ બનાસકાંઠાના વાવ પાસે ભાટસણ સ્થિત નર્મદાની માઈનોર કેનાલમાં ૩૦ ફૂટ ગાબડુ પડી જતા પાણી ત્રણ કિ.મી. સુધી ફરી વળ્યુ હતુ. છેલ્લા બે મહિનામાં છઠ્ઠો બનાવ બન્યો છે. જેને લઈને સિંચાઈ વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. બીજી તરફ ધરતીપુત્રોના રવિપાકને નુકશાન થતા ખેડૂતોને રાતાપાણીએ રોવાનો વારો આવ્યો છે.

ભીલડી નાગરીક શરાફી સહકારી મંડળી દ્વારા માવજીભાઈ દેસાઈનું સન્માન કરાયું

પાલનપુર, તા. ૭

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો-પશુપાલકોએ બનાસ ડેરીની ચૂંટણીમાં પરિવર્તન લાવી અમોને સત્તાનું સુકાન સોંપ્યુ છે ત્યારે બનાસ ડેરીની વિશ્વસનિયતાને વિશ્વકક્ષાએ લઈ જવાની તેમજ ખેડૂતો-પશુપાલકોએ અમારામાં મુકેલી વિશ્વાસને સાર્થક કરવા અમારી ટીમ કટીબદ્ધ છે એમ ડીસા તાલુકાના ભીલડી ખાતે યોજાયેલ સન્માન સમારોહમાં બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

ડીસા તાલુકાના ભીલડી ખાતે રવિવારે ધી ભીલડી નાગરીક શરાફી સહકારી મંડળી લી. દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેની ઉપસ્થિતિમાં સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સન્માન સમારોહમાં બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી સહિત વિવિધ પદો પર ચૂંટાયેલા અને નિયુક્તિ પામેલા વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એચ.વી. વાલાણી હાઈસ્કૂલની બાલીકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજી મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે ધી ભીલડી નાગરીક શરાફી સહકારી મંડળીના ચેરમેન માનસુંગભાઈ પટેલ તેમજ કમિટી સભ્યો દ્વારા બનાસબેંકના વાઈસ ચેરમેન જીગારભાઈ દેસાઈ, બનાસ બેંકના ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા, બનાસ ડેરીના ડીરેક્ટર તેજાભાઈ પટેલ, ડીસા એ.પી.એમ.સી.ના ડીરેક્ટર દશરથભાઈ પટેલ સહિતનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માવજીભાઈ દેસાઈએ ભીલડીમાં ડીસા માર્કેટયાર્ડ દ્વારા ટુંક સમયમાં એમ્બ્યુલન્સ સેવા અને મેડીકલ સેવા શરૂ કરવાની જાહેરાત કરી હતી. જ્યારે બનાસ ડેરી દ્વારા પણ તેની પ્રોડક્ટોને વિશ્વસ્તરની બનાવી બનાસ ડેરીને ઉચ્ચ ગુણવત્તા સ્થાપિત કરવાની નેમ વ્યક્ત કરી હતી.

પાલનપુરમાંથી વિવિધ લૂંટ-મારામારીના આરોપીની પાસો હેઠળ અટકાયત

પાલનપુર, તા.૭

બનાસકાંઠાના ધાનેરા અને ડીસામાં લૂંટ-મારામારી સહિતના ગુનાઓમાં સંડોવાયેલા રીઢા આરોપીને બનાસકાંઠા એલ.સી.બી., પી.આઈ.ની ટીમે પાસા હેઠલ પાલનપુરમાંથી ઝડપી પાડ્યો હતો અને રાજકોટ જિલ્લા જેલ ખાતે મોકલી આપ્યો હતો.

બનાસકાંઠા જિલ્લા પોલીસે વડા નીરડ બડગુજર દ્વારા ચોરી, લૂંટ જેવા ગુનાઓને અંજામ આપતા ઈસમોની સામે કડક હાથે કાર્યવાહી કરવા પોલીસ અધિકારીઓને સૂચના આપી હતી. આથી પોલીસે તુરંત કાર્યવાહી હાથ ધરી હતી અને ધાનેરા પંથકની દૂધમંડળી તથા વાલેર ગામની દૂધ મંડળીના મંત્રીઓને માર મારી લૂંટ તથા થરા ખાતે મરચાની ભૂકી તેમજ ડીસા ખાતે વિવિધ પ્રકારના મારામારી અને લૂંટના ગુનાઓમાં સંડોવાયેલા રીઢા આરોપી કિશોર ઉર્ફે કે.કે. કાન્તિલાલ પંચાલ (રહે, ડીસા, જૈન ભોજનશાળા પાસે, હાલ ગાયત્રીનગર સોસાયટી, પાટણ) ની પાસા હેઠળ દરખાસ્ત કરવામાં આવી હતી. જેથી જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા દ્વારા તેની પાસા હેઠળ અટકાયત કરવા હુકમ કરતા આરોપી કિશોરની એલસીબી., પીઆઈ કે.જે. પટેલ તથા તેમની ટીમે પાલનપુર ખાતેથી ધરપકડ કરી હતી અને આરોપીને રાજકોટ જિલ્લા જેલ ખાતે મોકલી આપ્યો હતો.

પાલનપુરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતાં ત્રણ સટ્ટોડિયા ઝડપાયા

પાલનપુર, તા.૭

પાલનપુર શહેરના ગોબરી રોડ, રામનગર ચોકમાં આવેલ જય અંબે પાર્લર નામની દુકાનમાંથી પાલનપુર એલસીબીની ટીમે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા, ત્રણ આરોપીને રંગે હાથ સ્થળ પરથી દરોડો પાડી ઝડપી પાડ્યા હતા. અને કુલ રૂા. ૩૭, ૦૨૦ ની મત્તા જપ્ત કરી જુગારધારા હેઠળ ત્રણેય આરોપી સામે પાલનપુર શહેરના પૂર્વ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુર એલસીબી., પીઆઈ. કે. જે પટેલને દુબઈમાં ચાલતી માસ્ટર ચેમ્પિયન લીગની મેચ પર પાલનપુરમાં કેટલાક લોકો હાર-જીતનો જુગાર રમાડતા હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પીએસઆઈ સિસોદિયા, પીઈ, પી.જે. પટેલ અને ટીમના માણસો રણજિતસિંહ, રઘુવીરસિંહ વગેરે પાલનપુર શહેરની ગોબરી રોડ રામનગર ચોકમાં સ્થિત જય અંબે પાર્લર નામની દુકાનમાં દરોડો પાડ્યો હતો. ક્રિકેટ મેચ સટ્ટો રમાડતા આરોપી પ્રકાશ કિશનલાલ જોષી, યશ ભરતભાઈ પંડ્યા અને પ્રવિણ કેશવલાલ ઠક્કરને ઝડપી પાડ્યા હતા અને દરોડા દરમિયાન રૂા. ૧૧૦૨૦ રોકડ, ૫ નંગ મોબાઈલ કિંમત રૂા. ૨૧,૦૦૦ તથા ટીવી નંગ. ૧ કિંમત રૂા. ૫૦૦૦ મળીને કુલ ૩૭, ૦૨૦ ની જુગાર સામગ્રી જપ્ત કરી હતી. ઉપરાંત બોબડી લાઈન આપનાર જયેશ ઉર્ફે વિનોદ મગનભાઈ માળી સહિત તમામ સામે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકમાં જુગારધામ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાલનપુરમાં કિસાન સશક્તિકરણનો દિવ્ય મહોત્સવ યોજાયો

પાલનપુર, તા.૭

રાજયોગ એજયુકેશન એન્ડ રીચર્સ ફાઉન્ડેશનના ગ્રામ વિકાસ પ્રભાગ અને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિધાલયના સંયુક્ત ઉપકમે પાલનપુર મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શહેરી ગૃહ નિર્માણ અને વાહન વ્યવહાર રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં કિસાન સશક્તિકરણનો દિવ્ય મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે ભક્તિના વિવિધ પ્રકારોમાં સૌથી મોટી ભક્તિ કર્મની ભક્તિ છે. તેમણે કહ્યુ કે માણસ શરૂઆતમાં જિંદગીના ૪૦ વર્ષ રૂપિયા કમાવવામાં ખર્ચી નાખે છે અને પાછળના ૪૦ વર્ષ કમાયેલા રૂપિયા શરીરને સાચવવા માટે ખર્ચી નાખે છે આમ માણસનું આયુષ્ય પુરૂ થઈ જાય છે. પરંતુ શરૂઆતથી જ શરીરની કાળજી રાખવામાં આવે, વ્યસનોથી દૂર રહીએ અને નિયમિત યોગ પ્રાણાયમ કરવામાં આવે તો શરીર પાછળ ખર્ચ કરવો પડતો નથી.

આ પ્રસંગે બિહાર ઝોન સંચાલિકા રાજયોગીની બ્રહ્માકુમારીઝ રાની દીદીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે જીવન ખુશીઓ અને આનંદથી ભરેલું રહે તેવા વિચારો અને કર્મ કરવું જોઈએ. તેમણે કહ્યું કે આપણે બીજાને સન્માન, સત્કાર આપીએ ત્યારે મન પ્રફુલ્લિત થાય છે. આપણામાં વિશ્વાસ જગાવી સારા વિચારોના બીજ વાવીએ. તેમણે કહ્યું કે પ્રકૃતિ સાથે જોડાયેલા રહી કોઈપણ પરિસ્થિતિમાં ખુશ રહીએ.

માઉન્ટ આબુ ગ્રામ વિકાસ પ્રભાગના મુખ્યાલય સંયોજક રાજયોગી બ્ર.કુ.રાજુભાઈએ જણાવ્યું હતુ કે ગુજરાતે શ્વેત ક્રાંતિ લાવી સમગ્ર દેશમાં આગવું સ્થાન મેળવ્યું છે. તેમણે કહ્યું કે ખેડુતોની મહેનત અને આગવી સૂઝથી કૃષિક્ષેત્રે પણ ગુજરાતમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. આ પ્રસંગે એન.ડી.ડી.બી.ના એકઝ્યુકેટીવ ડિરેક્ટરશ્રી સંગ્રામસિંહ ચૌધરી પ્રાસંગીક પ્રવચન કર્યું હતું.પાલનપુર બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગીની બ્ર.કુ. ભારતીબેને સ્વાગત પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમમાં અંધશ્રધ્ધા નિવારણ અંગેનું નાટક ભજવાયું હતું. યોગીક અને સજીવ ખેતી કરનારા ખેડુતો અને ડેરી સંશોધનક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરનાર રશ્મિબેન રૂપસિંહભાઈ ચૌહાણનું મંત્રી અને મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

રોકેટ લોન્ચ ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકેટનું પરીક્ષણ કર્યું હતું. જાપાને ઉત્તર કોરિયાના આ પગલાને અતિ અસહિષ્ણુ તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. ઉત્તર કોરિયાએ થોડાક દિવસ પહેલા હાઈડ્રોજન બોંબનું પરીક્ષણ પણ કર્યું હતું. રોકેટ પરીક્ષણના બહાને મિસાઈલ પરીક્ષણ થઈ રહ્યા છે. બીજી બાજુ ઉત્તર કોરિયાના પાટનગર પ્યોંગયાંગે કહ્યું છે કે, તેમનો અંતરિક્ષ કાર્યક્રમ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે પરંતુ મોટાભાગના વિશ્વના દેશો તેના રેકેટ પરીક્ષણને અયોગ્ય ગણે છે અને બેલાસ્ટિક મિસાઈલ પરીક્ષણ માને છે. પરમાણુ હથિયારો વિકસિત કરવાનું કામ ઉત્તર કોરિયા દ્વારા કરાઈ રહ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ઉપગ્રહને લઈ જઈ રહેલા રોકેટના સફળતાપૂર્વક પરિભ્રમણ કક્ષામાં પ્રવેશ કરવાના અહેવાલને હજુ સુધી સમર્થન મળ્યું નથી. બીજા તબક્કામાં કેટલીક અડચણો ઉભી થઈ હતી.

ટ્રાયલ યોજાશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

કન્ડીશનમાં મહત્વપૂર્ણ રહે છે. જો ટેલ્ગો ટ્રેન પ્રવર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર કોઈપણ અપગ્રેડ કર્યા વગર ૧૬૦-૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકશે તો આ બંને શહેરો વચ્ચે પ્રવાસ અંતર હાલમાં ૧૭ કલાકના બદલે ઘટીને ૧૨ કલાક થઈ જશે. ઉપરાંત અન્ય ફાયદા પણ થશે. પ્રવાસ સમય બચવાની સાથે સાથે ટેલ્ગો ૩૦ ટકા ઓછા એનર્જી વપરાશ કરતી ટ્રેનો છે. આનાથી રેલવેને વિજ બિલ બચાવવામાં પણ મદદ મળશે.

મેટ્રો કોર્ટમાં ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રાઈમ બ્રાન્ચે ચાર્જશીટ રજુ કરતાની સાથે કોર્ટે તમામ આરોપીઓને ૩૦મીના રોજ હાજર રાખવા જેલ તંત્રને આદેશ કર્યો હતો. જોકે, તે સમયે હાર્દિકને કોર્ટમાં રજુ કરાયો ન હતો ત્યારે આવતીકાલે આરોપીઓને પહેલીવાર મેટ્રોપોલિટન કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવશે. આ માટે પહેલાંથી જ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોર્ટમાં આવતીકાલે તમામ આરોપીઓને ચાર્જશીટની નકલ આપશે અને ત્યારબાદ કેસ કમિટ સહિતની કાર્યવાહી કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાર્દિક પટેલને સુરક્ષા કારણોસર અમદાવાદની કોર્ટમાં ૩૦મી જાન્યુઆરીના દિવસે રજૂ કરી શકાયો ન હતો. જો કે તેના સાથીઓને રજૂ કરવામાં આવ્યા હતા. કેતન, ચિરાગ અને દિનેશ પટેલને સાબરમતી જેલમાંથી સઘન સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરાયા હતા અને તેમને ચાર્જશીટની નકલ આપવામાં આવી હતી. બીજી બાજુ સુરતની લાજપોર જેલમાં રહેલા હાર્દિકને સુરક્ષાના કારણોસર રજૂ કરી શકાયો ન હતો. આવતીકાલે હાર્દિકને કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા પુરાવા એકત્ર કરીને ચારેય આરોપીઓ સામે મેટ્રો કોર્ટમાં ૧૮મી જાન્યુઆરીના રોજ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટ દ્વારા હાર્દિક પટેલને ૩૦મી જાન્યુઆરીના રોજ મેટ્રો કોર્ટમાં રજૂ કરવા માટે જેલ સત્તાવાળાઓને પત્ર મોકલાયો હતો. ૩૦મી જાન્યુઆરીના રોજ હાજર રાખવા માટે જાણ કરવામાં આવી હતી. મામલાને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે.

સક્રિય વિચારણા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શક્યતાઓ છે. એક તબક્કે અજાલજ સુધી કલોલ તાલુકાની હદ લંબાવવાની વિચારણા થઈ હતી. જો કે આ પછી ચાંદખેડા અને મોટેરાનો વિસ્તાર અમદાવાદ મનપા સાથે જોડી વહીવટીય ભારણ હળવુ કરવાનો પ્રયાસ થયો હતો પરંતુ હજુ આ વિસ્તારોમાં શિક્ષણ સંસ્થાઓ અને આરોગ્ય સેવાઓ સંપૂર્ણતઃ મહાનગરે સંભાળી નથી.

ગાંધીનગર સીટી તાલુકો પણ અલગ બનાવવા પર સરકાર પર દબાણ વધી રહ્યુ છે. આગામી દિવસોમાં ગિફ્ટ સીટી જેમ જેમ કાર્યરત થતુ જશે તેમ તેમ આસપાસના વિસ્તારોના વિકાસને પણ વેગ મળશે અને તેથી વહીવટીય ભારણ વધવા પામશે એટલે સરકારે હવે આ દિશામાં ગંભીર અને સક્રિય વિચારણા હાથ ધરી છે.

બાળકો કુપોષિત ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકામાં ૨૭,૭૪૮ નોંધાયેલા બાળકો પૈકી ૧૫૪૯ બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે. જે પૈકી ૨૦૯ બાળકો અતિ કુપોષિત જણાયા છે. દહેગામ તાલુકામાં ૨૦,૨૦૬ બાળકો નોંધાયેલા છે જે પૈકી ૧૨૦૯ બાળકો કુપોષિત જણાયા છે. જે પૈકી ૧૮૯ બાળકો અતિકુપોષિત જણાયા છે. માણસામાં ૧૧૯૫૬ બાળકો નોંધાયેલા છે જે પૈકી ૪૪૬ બાળકો કુપોષિત જોવા મળ્યા છે જેમાં ૪૬ અતિ કુપોષિત બાળકો છે.

ગાંધીનગર જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત પાંચ જેટલા ચાઈલ્ડ કોર્નર ચલાવવામાં આવી રહ્યા છે. આ બાળકોને આંગણવાડીમાં ફળ અને નાસ્તો પણ પીરસવામાં આવી રહ્યો છે. જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો ખાતે તબીબી અધિકારીઓ દ્વારા પણ સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યાનું આ સૂત્રોએ જણાવ્યું છે.

અન્ડર પાસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્જાય છે. જયારે શહેરના પ્રત્યેક મુખ્ય માર્ગો પર સતત વાહનો દોડતા ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે. સ્વર્ણિમ પાર્કની યોજનાને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરના મુખ્ય ઘ માર્ગ સહીત ચ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ મામલે તબક્કાવાર કામગીરી હાથ ધરવા પણ નિર્ણય લેવાયો હતો. પરંતુ વર્ષોના અંતે પણ અન્ડરપાસ બનાવવાના પ્રોજેકટ અંગે કોઈ નિર્ણય ન લેવાતા હાલ ટ્રાફિકની સમસ્યા જટીલ બનતી જાય છે. શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધવાની સાથે અનેકવિધ સમસ્યાઓ ઉદભવી છે. અન્ડરપાસ બનાવવાના મામલે જરૂરી અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ લાંબા સમયના અંત આ કાર્યયોજના હજુ કાગળ પર પણ આખરી થઈ શકી નથી.

અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

અને ઉદ્ધવ ઠાકરેમાંથી બિંદુ માધવનું તો અગાઉ નિધન થઈ ચૂક્યું છે. બાળા સાહેબ જીવિત હતા ત્યારે જ એમના મોટા દીકરા જયદેવને ઠાકરે પરિવારથી એમણે ફારેગ કર્યો હતો. એની સાથે છૂટાછેડા લીધા પછી ય તેની પૂર્વ પત્ની સ્મિતા ઠાકરેના બાળા સાહેબના નિવાસ 'માતોશ્રી'માં રહેવા વિશે પણ જયદેવે અગાઉ અનેક વિવાદ સર્જયા હતા. સ્મિતા ઠાકરે જાણીતાં ફિલ્મ નિર્માતા છે. ઉદ્ધવ અને એમનાં પત્ની રશ્મિ સાથે તેમને અણબનાવ રહ્યા છતાં સ્મિતાને ઘરબહાર હડસેલવાનું તેમના માટે પણ શક્ય નહોતું. જયદેવે ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ અદાલતમાં દાખલ કરેલી ફરિયાદમાં બાળા સાહેબની સંપત્તિમાં પોતાનો હિસ્સો માંગ્યો હતો. હવે એક વર્ષ પછી એણે વડી અદાલતમાં નવી ફરિયાદ દાખલ કરીને સંપત્તિ વિવાદને વધુ વકરાવ્યો છે. જયદેવની નવી અદાલતી ફરિયાદ આવતા મહિને સુનાવણી માટે આવશે એટલે રાજકીય દ્રષ્ટિએ ગૂંચવાયેલા ઉદ્ધવ ઠાકરે માટે નવી ઉપાધિ ડોકું ફાડીને રાહ જોઈ રહી છે.

જોકે, સામાન્ય રીતે બાળ ઠાકરે અને રાજ ઠાકરેની આક્રમક શૈલીથી વિપરીત ઉદ્ધવ ઠાકરે ઠંડા કલેજે રાજકીય દાવપેચ રમવા માટે જાણીતા છે. તેમના નેતૃત્વમાં શિવસેના સંગઠિત રહી છે એટલું જ નહીં, થોડી ઘણી દ્વિધાભરી રાજકીય જોડાણની સ્થિતિ છતાં એમણે ભાજપ સાથેનો સત્તામોરચો ટકાવી રાખ્યો છે. શિવસેના ગમે ત્યારે સત્તામોરચામાંથી નીકળી જવાની ધમકી ઉચ્ચારે છે ત્યારે એનો ખાલીપો ભરવા પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ તૈયાર જણાય છે. પવારના ભત્રીજા અજિતદાદા પવાર અને કેન્દ્રમાં ઊડ્ડયન મંત્રી રહેલા સાથી પ્રફુલ્લ પટેલ વિરુદ્ધ કૌભાંડોની તપાસની ચોટલી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હાથમાં હોવાથી કોંગ્રેસ સાથે યુતિ ધરાવનાર પવાર ઘણી બધી બાબતોમાં મોદીના રાજકારણ ભણી ઢળતા રહે છે. આવતા દિવસોમાં મુંબઈ ભણી સૌની મીટ રહે.

કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

જેને હવે લોકસભામાં સુલેહ વિધેયક ના નામે મંજુર કરવામાં આવશે. બન્ને પક્ષકાર રાજી હોય તો નોનકોન્જીબલ ગુન્હામાં પણ સમાધાન કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવશે અને ન્યાયપાલીકાનો કિંમતી સમય બીજા કેસો ચલાવવા માટે અનામત રાખવામાં આવશે. જેથી કેસોનો ઝડપી નિકાલ થશે. પક્ષકારોની સમંતી હશે તો જુના ચાલતા કેસોમાં પણ નવી નીતિ અખત્યાર કરવામાં આવશે નહીતર નવી નીતિ અને નિયમ મુજબ નવા કેસોમાં સમાધાનને કાયદેસરતા બક્ષવામાં આવશે. આ બન્ને વિધેયક સુલેહ શાંતિ અને જજોની જવાબદારી નક્કી કરતા વિધેયક આગામી સમયમાં પસાર થતા આમ જનતાને ઝડપી, સરળ ન્યાય મળશે.